## ગાંધીનગર મને ગમે છે...



- જીલુભા ધાંધલ

મારી દૃષ્ટિનું ગાંધીનગર એટલે ગુજરાતનું સ્વર્ગ ગાંધીનગર !!

ઉત્તમ સુવિધાઓથી ભરપુર શહેર. ઉત્તમ શિક્ષણ, ઉત્તમ પ્રકૃતિ અને પ્રકૃતિ પ્રેમીઓનો સમૂહ અને દેવોના દેવ મહાદેવનું ઉત્તમ મુક્તિધામ એટલે ગાંધીનગર.

ઈશ્વરીય સેવાના ભેખધારીઓનો વિશાળ સમુહ એટલે ગાંધીનગર. ઉત્તમ કવિઓ અને સૌથી વધુ પ્રબુદ્ધ નાગરિકોનો ઘુઘવતો સાગર એટલે ગાંધીનગર.

આ ઉપરાંત ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિઓ અને સામાજિક પ્રવૃત્તિઓ ધમધમતુ રહે છે. સાથે સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આ નગરને જીવંત રાખે છે.

અહીં ઉત્સવો અને પર્વોની ઉજવણી પૂરી સદ્‌ભાવનાથી કરવામાં આવે છે. નગરમાં હરિયાળી ઉપરાંત પ્રકૃતિની ગોદમાં ઉછરેલું આ નગર મને ગમે છે.

છતાં સૌથી વધુ સમસ્યાઓ અને ઉત્તમ ગાંડાઓના સમૂહનું નગર એટલે ગાંધીનગર.

એટલે જ મને ગાંધીનગર ગમે છે.

## આજે હનુમાન જન્મોત્સવ નિમિત્તે ફતેપુરા ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

કળયુગના હાજરા હજુર હનુમાનજી મહારાજને પ્રસન્ન કરતા સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન હનુમાનજી ભક્તો દ્વારા કરવામાં આવ્યું છે. વક્તા ભારતીબાપુની વ્યાસપીઠે જાહેરમાં તારીખ ૧૬ને સવારે ૮.૩૦ કલાકે રામજી મંદિરે, ફતેપુરા ગામના આંગણે યોજાશે. અને બપોરે ૨ થી ૫.૩૦ કલાકે ''દૈવી ભાગવત કથા'' પાલજ ગામે, મહાકાળી મંદિરે યોજાશે. સાથે 'સુંદરધામ' હનુમાનજી મંદિર, રાંધેજા ખાતે ૧૦૮ દિવાથી દાદાના મંદિરનો સણગાર સાથે આરતી યોજાશે જે રાત્રે ૭ કલાકે અને ૮.૩૦ કલાકે ઈચ્છાપૂર્તી હનુમાનજી મંદિર સેક્ટર-૨૭ ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે. જેનો તમામ ભક્તોએ લાભ લેવા જણાવ્યુ હતું.

# શહેરમાં બજારોમાં ફાલસાનું આગમન

### ઉનાળુ ફળ ફાલસા ગરમીમાં રાહત મેળવવા સાથે ઘણી બધી રીતે ગુણકારી છે



ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે ત્યારે ઉનાળામાં પાચન સારૂ રાખવા માટે જરૂરી છે કે ખાવા-પીવાનું પૂરતુ ધ્યાન રાખવામાં આવે. શહેરમાં સિઝનલ ફળો માર્કેટમાં મળી રહ્યા છે. જે સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે સાથે જ ગરમીથી પણ રાહત આપે છે તેમાંથી એક છે ફાલસા.

શહેરમાં બજારોમાં ફાલસાનુ વેચાણ થઈ રહ્યું છે. ગરમીની ઋતુમાં મળતું આ ફળ લાલ-કાળા રંગનું ખાટું-મીઠું અને એકદમ નાના આકારનું હોય છે. દેખાવમાં તે જેટલા નાના છે તેના ગુણો એટલા જ મોટા છે. તપાવી નાખતી ગરમીમાં ફાલસા ઠંડકનો અનુભવ કરાવે છે. કારણ કે ફાલસાની તાસિર ઠંડી હોય છે.

- ફાલસા પેટના દુઃખાવાને દૂર કરવામાં મદદરૂપ નીવડે છે.

- ફાલસાના ફળોનો રસ પીવાથી અસ્થમા, બ્રોન્કાઈટિસ, શરદી અને શ્વાસ સાંબાંધી સમસ્યાઓથી છુટકારો મળી શકે છે.

- આદુ કે લીંબુના રસની સાથે ફાલસાનો જ્યુસ પીવાથી આરામ મળે છે.

- નિયમિત રૂપે ઉનાળામાં ફાલસાના ફળનું સેવન કરવાથી માંસપેશિયો મજબૂત બને છે. તેમાં પોટેશિયમ અને પ્રોટિન હોવાને કારણે માંસપેશીયોની કાર્યક્ષમતા વધે છે અને તે વધુ મજબૂત બને છે.

- ફાલસામાં પ્રોટિનનો ઘણો સારો સ્ત્રોત માનવામાં આવે છે જેના કારણે તે શરીરને વધુ ઊર્જા પ્રદાન કરવામાં મદદ કરે છે અને શરીરની અશક્તિ દૂર થાય છે.

- ફાલસામાં કેલ્શિયમ ભરપૂર માત્રામાં હોય છે. જેના કારણે તે હાડકાં માટે ઉત્તમ ફળ માનવામાં આવે છે. હાડકાની મજબૂતાઈ માટે પણ ફાલસા ખાવા ગુણકારી છે.

- ગરમીની સીઝનમાં લૂ લાગવાના કારણે તાવ જેવી બિમારીઓ થાય છે. તેનાથી બચવા માટે આ ફળનું સેવન ફાયદાકારક છે.

- વિટામીન સી થી ભરપૂર ફાલસાનો ખટ્ટો-મીઠો રસ ખાંસી-શરદીને રોકવા અને ગળામાં થનાર સમસ્યાઓ માટે ઘણો પ્રભાવશાળી છે.

- ફાલસામાં એન્ટી ઓક્સીડેન્ટ તત્વ ભરપૂર માત્રામાં હોય છે જે શરીરને ઈન્ફેક્શનથી બચાવે છે.

- ગરમીની સીજનમાં સ્વાસ્થ્ય સમસ્યાઓને દૂર કરવા માટે ફાલસાના રસનું સેવન કરવું શરીર માટે ટોનિકનું કામ કરે છે અને પાંચનક્રિયાને મજબૂત બનાવે છે.

ગરમીના દિવસોમાં ફાલસાનું શરબત બનાવીને પીવાય છે. પ્રાચીનકાળથી ફાલસાનો ઉપયોગ થતો આવ્યો છે. ફાલસાની છાલની ફાંટ પીવાથી ડાયાબીટીશમાં ફાયદો થાય છે.

# "આઝાદી કા અમૃત મહોત્સવ પર્વમાં, શહીદોને શ્રધ્ધાંજલિ''




ગાંધીનગર, તા. ૧૫

ભારતના આઝાદીના ઈતિહાસમાં જલિયાવાલા બાગ હત્યાકાંડ તા.૧૩ એપ્રીલ ૧૯૧૯ના રોજ થયેલ એ, દિવસે ઘણા મોટા પ્રમાણમાં લડવૈયાઓ શહીદ થયેલ. આપણે સો નાગરિકો, આઝાદ ભારતના નાગરકો છીએ. આપણી આઝાદી આ શહીદોને આભારી છે. આપણા સૌની નૈતિક ફરજ છે કે, તેઓની કુરબાનીને સ્મરણ કરીને શ્રધ્ધાંજલિ આપીએ. મધુર ડેરીના સફળ સુકાની અને વિવિધ સમાજમાં લોકપ્રિય ડૉ. શંકરસિંહ રાણાએ આ દિવસને દૂધ સંઘ સાથે સંકળાયેલ ૨૧૪ મંડળીઓમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કરેલ. આઝાદીની લડતમાં પુરુષો અને મહિલાઓનું પણ યોગદાન રહેલ હોઈ દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળીઓમાં દૂધ ભરતી મહિલાઓ દ્વારા શહીદોને સ્મરણ કરીને શ્રધ્ધાંજલિ આપવા કલા અને સાહિત્યની અખિલ ભારતીય સંસ્થા સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત સાથે મળીને કાર્યક્રમનુ આયોજન કરેલ. ૩૫ મહિલા દૂધ મંડળીઓ ખાતે મહિલાઓ દ્વારા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ, શોર્યગીત, ભજન અને કિર્તન દ્વારા ઉજવવામાં આવેલ. ચેરમેન ડો. શંકરસિંહ રાણા સાહેબે આ પ્રસંગે ઉદબોધન કરતાં જણાવ્યું કે, દરેક સફળ વ્યકિત પાછળ મહિલા હોય છે. આ કહેવતને આગળ વધારીને કહું તો, આ કુરબાન થયેલા શહીદો પાછળ તેની માતા, બહેન, કે પત્નીના સહકાર સિવાય આવી કુરબાની શકય નથી.

આઝાદીની લડતમાં ઘણા નામી અનામી પુરુષો અને મહિલાઓ શહીદ થયા છે પણ હરવખતે માત્ર પુરુષો જ મોટા પ્રમાણમાં શ્રધ્ધાંજલિ આપતા હોય છે. આપણા દેશમાં નારી શક્તિને, દેવી શકિત તરીકે ગણવામાં આવે છે. આજે મને આનંદ થાય છે કે, બહોળી સંખ્યામાં મહિલાઓએ, સાચા અર્થમાં શહીદોને શ્રધ્ધાંજલિ આપી છે. આઝાદી કા અમૃત પર્વની ઉજવણીમાં આ ગૌરવની વાત છે. શહીદોના દિવ્ય આત્માઓને હર હંમેશ યાદ કરતા રહીશું તેમ જણાવેલ. કાર્યકમના અંતે સંસ્થાના જનરલ મેનેજર હંસાબેન પટેલે હાજર રહેલા સોનો આભાર માની, કાર્યકમ પુર્ણ થયેલ જાહેર કરેલ.



ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૧મી જન્મ જયંતિ નિમિત્તે વોર્ડ નં. ૧૧ ખાતે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રામાં મેયર હિતેષભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. કેક કાપી બાળકોને તે અપાઈ હતી. વોર્ડના આગેવાનો મોટી સંખ્યામાં આ શોભાયાત્રામાં હાજર રહ્યા હતા.



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, પર્થ, ઓસ્ટ્રેલિયા મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર ઓપનીંગ પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિપ્રિયદાસ સ્વામીજી મહારાજે પધારેલા ડો. જેગ્સ ક્રિસનન, મેમ્બર ફોર રીવરટન, સીનીયર સાર્જન્ટ બ્રાડ પીંચ, બેઝવોટર પોલીસ, બેઝવોટર સીટીના મેયર ફિલોમીના પીફરેટ્ટી અને બેઝવોટર લીટીના કાઉન્સિલર સલ્લી પાલમેર ખાસ ઉપસ્થિતમાં કર્યું હતું. તથા નગરયાત્રા પણ યોજાઈ હતી.

# શહેરના માર્કેટમાં ખરીદીનો માહોલ

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં રજાના દિવસે માર્કેટમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં શહેરીજનોએ ઠંડા પીણાની સાથે ઠંડી ચીજવસ્તુઓનો આનંદ માણ્યો હતો. લગ્નસરાની મોસમ શરૂ થઈ છે તેવામાં બજારોમાં ખરીદી કરવા માટે શહેરીજનો ઉમટી પડ્યા હતા. માર્કેટમાં બપોરે ગરમીનો અનુભવ રહેતા સવારે તથા સાંજના સમયે શહેરીજનોએ વિવિધ ચીજવસ્તુઓની ખરીદીનો લાભ લીધો હતો. સેક્ટર-૨૧માં રજાના દિવસે ખરીદી કરતા શહેરીજનો જોવા મળી રહ્યા હતા.

શહેરમાં ૧૪મી એપ્રિલથી મીનારક ઉતરતા હોવાથી લગ્ન પ્રસંગોની મોસમ પૂર બહારમાં ખૂલી છે. જેની ખરીદી કરતા શહેરીજનો માર્કેટમાં જોવા મળ્યા હતા. શહેરમાં ઠેર ઠેર લગ્નની શહેનાઈઓ ગુંજી ઉઠશે. શહેરમાં સેક્ટર-૨૧ માર્કેટમાં ખાણી-પીણીથી લઈ કપડાની દુકાનો તથા નાની નાની ફેરિયાઓની સ્ટોલમાં પણ ઘરાકીનો માહોલ થયો હતો. સળંગ ચાર રજાઓ હોવાથી શહેરીજનો ટૂર- પ્રવાસમાં જવાના હોવાથી વિવિધ પ્રકારની ચીજવસ્તુઓની ખરીદી માટે માર્કેટમાં ઘરાકીનો માહોલ વર્તાયો હતો. લગ્નસરાની મોસમે વેપારીઓ પણ આનંદની લાગણી અનુભવી રહ્યા છે. મોંઘવારીના માર વચ્ચે શહેરીજનો નાની-મોટી વસ્તુઓની ખરીદી કરતા માર્કેટમાં મંદી જણાઈ રહી નથી. કોરોના કાળ બાદ વેપારીઓને આર્થિક રીતે મંદી નડી હતી જે આ એપ્રિલ માસમાં તથા કોરોનાના કેસ ઓછા થવાથી વેપારીઓને આર્થિક રીતે ખોટ થઈ નથી. અને હજી તો લગ્નસરાની શરૂઆત જ થઈ છે તેવામાં વેપારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ ખરીદીનો માહોલ આ રીતે યથાવત રહેશે તેમ જણાવ્યુ હતું. એક તરફ સેક્ટર-૨૧ માં રીનોવેશનની કામગીરી ચાલી રહી છે એટલે શહેરીજનોને અવરજવરમાં મુશ્કેલીઓ થઈ રહી છે. રીનોવેશનની કામગીરી બાદ માર્કેટની કાયાપલટ થઈ જશે. વર્ષો જૂના સેક્ટર-૨૧ના માર્કેટમાં વર્ષો બાદ નવીનીકરણના કાર્યો હાથ ધરાયા હોવાથી થોડા સમયમાં જ સેક્ટર-૨૧નું માર્કેટ સુંદર રીતે ઉભરી આવશે. પાર્કીંગની વ્યવસ્થાઓ થઈ જતા માર્કેટમાં પહેલા જેવી ટ્રાફિકની સમસ્યાઓ બનતી નથી. આ ઉપરાંત મોલ અને સિનેમાઘર હોવાથી માર્કેટમાં અવરજવર રહેતી જ હોય છે. જેમાં રજાના દિવસોમાં વધારે ભીડ જોવા મળે છે. શહેરીજનો ખાણી-પીણીની દુકાનોમાં ઉમટી પડે છે. રજાના દિવસોમાં ઉનાળામાં શેરડીનો રસ, તડબૂચની મસાલાવાળી ડીશ, બરફ ગોળો, આઈસક્રીમની દુકાનોમાં શહેરીજનોની ભીડ જામે છે. આ ઉનાળાની સિઝનમાં શહેરીજનો મન મુકીને ઠંડી ચીજવસ્તુઓ ખાવામાં શરૂઆતથી જ લાગી ચૂક્યા છે. અને સળંગ રજાનો માહોલ હોવાથી વિવિધ સ્થળોની મુલાકાતે નીકળીને આનંદ માણવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. તેથી માર્કેટમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સેકટર-૨૧ સચિવાલય જીમખાનાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૫

અન્ડર વોટર સ્પોર્ટસ એઅસોસિએશન ઈન્ડિયા દ્વારા આયોજિત ૫મી નેશનલ ફીન સ્વીમીંગ ચેમ્પિયનશીપ ૨૦૨૨ જોધપુર ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જીમખાનાના સ્વીમર મિતુલ ગણેશભાઈ રાવત, મનહર અરવિંદભાઈ ચાવડા, દિપક લાલમોહન પ્રધાન, મનસુરી જેદ યાસીનભાઈ, તોફિક મેમણ, ડૉ.શીરાલી તિવારી, અંજલિ ઠાકર અને સેકટર-૨૧ સ્વીમીંગ પુલ પરના કોચ મનીષા ત્રિપાઠીએ સિલ્વર મેડલ મેળવી જીમખાનાનું ગૌરવ વધાર્યુ છે. જે બદલ જીમખાનાના મેનેજર જીતુભાઈએ અભિનંદન પાઠવ્યા હતા અને જીમખાના હેડ કોચ કે.જી. ભગત, મનીષા ત્રિપાઠી, આસિ. કોચ રામભાઈ પરમાર પાસેથી સહુએ તાલીમ પ્રાપ્ત કરી હતી અને તેમની તનતોડ મહેનત બદલ અભિનંદન પાઠવ્યા હતા.



# સમાજનું ઘડતર કરવા બાળકોનું ઘડતર કરવું અનિવાર્ય : પૂ.ભગવત્સેતુદાસ સ્વામી

### ચિલ્ડ્રન્સ યુનિ. તથા બીએપીએસના સંયુક્ત ઉપક્રમે 'બાળસંસ્કારના શિલ્પી : પ્રમુખસ્વામી મહારાજ' વિષયે સેમિનાર યોજાયો : મોટી સંખ્યામાં સત્સંગીઓ-લોકોએ સેમિનારને લાઈવ નિહાળ્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને આર્ષ સંશોધન સંસ્થાન-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૧૫મી એપ્રિલને શુક્રવારે ''બાળસંસ્કારના શિલ્પી : પ્રમુખસ્વામી મહારાજ'' વિષય પર હરિમંદિર સભાગૃહ, અક્ષરધામ ખાતે વિશેષ સેમિનાર યોજાઈ ગયો. સેમિનારમાં મોટી સંખ્યામાં બાળકો સાથે વાલીઓ તેમજ પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યુ-ટ્યૂબ ચેનલ તેમજ બીએપીએસની પ્રેરણાસેતુ મોબાઈલ એપ પર આ સેમિનારનું લાઈવ પ્રસારણ કરાયું હતું જેને મોટી સંખ્યામાં સંત્સંગીઓ-લોકોએ નિહાળ્યું હતું.

આ સેમિનારના અધ્યક્ષ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે, બાળકોમાં અભિવ્યક્તિનું સિંચન કરવા આપણે પણ તેમની સાથે બાળક બનવું પડે છે. ઉત્તમ મનુષ્યનું સર્જન કરવા પ્રત્યેક બાળકની અનન્યતાનો વિચાર કરવો જોઈએ. શિક્ષણનો પ્રાણ અધ્યાત્મ છે. કાર્યક્રમના પ્રારંભે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અશોક પ્રજાપતિએ વક્તવ્યમાં કહ્યું કે, પ્રમુખસ્વામી મહારાજે બાળકોના વિકાસ માટે તનતોડ મહેતન કરી છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં પણ પંચકોશીય વિકાસ આધારિત સર્વાંગીણ વિકાસનું કાર્ય કરી રહી છે.



કાર્યક્રમના મુખ્ય વકતા પૂ.ભગવત્સેતુદાસ સ્વામીએ જણાવ્યું કે, સંસ્કાર સિંચન દ્વારા સંસ્કૃતિને જીવંત રાખવાનું કાર્ય પૂ. પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજ સંસ્કારના શિલ્પકાર તરીકે આપણી સામે આદર્શરૂપ બન્યા છે. નાનામાં નાના બાળકની લાગણી અને માંગણી સમજ્યાં છે અને તે પૂરી પણ કરી છે. સમાજનું ઘડતર કરવા બાળકોનું ઘડતર કરવું અનિવાર્ય છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે લાગણીશીલ વક્તવ્ય આપતાં કહ્યું કે, સમાજ પરિવર્તનનો જો કોઈ આધાર હોય તે બાળસંસ્કાર છે. પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે ભણવું એ ભક્તિ છે. સ્વામી બાપાના શબ્દો અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું ધ્યેય એક જ છે. દરેક બાળક ખૂબ જ મહત્વનું છે. અતિથિ વિશેષ માધવ રામાનુજે જણાવ્યું હતું કે, પ્રમુખસ્વામી એ અલૌકિક અને અસાધારણ એવા દિવ્યપુરુષ હતા. સતત અને સખત સભ્યતા અને સખાપણાના ઉત્કૃષ્ટ દર્શન તેમણે આજીવન કરાવ્યા. પ્રમુખસ્વામી એવી એક અજોડ જ્યોતિર્મય વ્યક્તિત્વ હતા, જે દરેકના જીવનમાં અજવાળા પાથરતા રહ્યા. તેમણે કાવ્યગાન કરીને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આર્ષશોધ સંસ્થાનના નિયામક ડૉ. પૂ. શ્રુતિપ્રકાશ સ્વામીએ જણાવ્યું હતું કે, પ્રમુખસ્વામી મહારાજ દરેક બાળકને જ્ઞાની તરીકે જ જોતા હતા. જો તમે તમારા બાળકને સંસ્કાર નહિ આપો તો સંતતિ અને સંપત્તિ ગુમાવવાનો વારો આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીએપીએસ, બાળપ્રવૃત્તિ કૉ-ઓર્ડિનેટર, શાહીબાગ, અમદાવાદના પારસભાઈ પરમાર અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. જય ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું અને સભાના સમાપને આર્ષ સંશોધન કેન્દ્રના કચેરી અધિક્ષક પ્રશાંતભાઈ ભટ્ટ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.


આઝાદી का अमृत महोत्सव
ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ





અસંગઠિત શ્રમિક સંમેલન
શ્રમેવ જયતે
શ્રમિકના સશક્તિકરણ માટેનું આયોજન

તારીખઃ ૧૬ અને ૧૭ એપ્રિલ, ૨૦૨૨ • સમયઃ સાંજે ૪:૦૦ કલાકે

રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, મોરબી, ભાવનગર, જામનગર, જુનાગઢ અને મહેસાણા જિલ્લા મથકે

**ઈ-નિર્માણ કાર્ડ**

**પાત્રતા**
- ૧૮ થી ૬૦ વર્ષની વય-મર્યાદા
- છેલ્લા ૧૨ માસમાં ૯૦ દિવસ બાંધકામ શ્રમિક તરીકે કામગીરી

**નોંધણીની પ્રક્રિયા**
- eNirman મોબાઈલ એપ્લિકેશન અને www.enirmaanbocw.gujarat.gov.in મારફત સ્વનોંધણી
- આપની નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) અને ઈ-ગ્રામ કેન્દ્ર પર નોંધણીની સુવિધા ઉપલબ્ધ

**નોંધણીના ફાયદા**
- બોર્ડ દ્વારા અમલમાં મુકવામાં આવેલ તમામ કલ્યાણકારી યોજનાઓના લાભ નોંધાયેલ બાંધકામ શ્રમિકોને મળવાપાત્ર થાય છે

**"ઈ-શ્રમ"માં નોંધણી કરાવો, આગળ વધો**

**નોંધણી કરાવનાર શ્રમિકો માટે લાભ**
- આકસ્મિક મૃત્યુ અને કાયમી અપંગતાના કિસ્સામાં એક વર્ષ માટે રૂા. ૨ લાખની સહાય.
- આંશિક અપંગતાના કિસ્સામાં એક વર્ષ માટે રૂા. ૧ લાખની સહાય.

**નોંધણી**
મોબાઈલ પરથી www.eshram.gov.in પર જઈને જાતે નોંધણી કરી શકો. નજીકના કોમન સર્વિસ સેન્ટર પર/ઈ-ગ્રામ સેન્ટર પર જઈને નોંધણી કરાવી શકાશે.

**વિનામૂલ્યે શ્રમિક કાર્ડ મળવાપાત્ર છે.**
ઈ-શ્રમ પોર્ટલ પરથી ગુજરાતના ૮૨ લાખ કરતાં વધારે અસંગઠિત શ્રમિકોએ શ્રમિક કાર્ડ મેળવેલ છે.

આજે જ રજિસ્ટ્રેશન કરો www.eshram.gov.in

**નોંધાયેલા બાંધકામ શ્રમિકો, જાણો તમારા લાભની વાતો...**
- નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકને પ્રથમ બે પ્રસૂતિની મર્યાદામાં પ્રત્યેક પ્રસૂતિ માટે રૂા.૨૭,૫૦૦/-ની સહાય
- ધન્વન્તરી રથ દ્વારા મફ્ત આરોગ્ય તપાસ અને સારવાર
- વ્યવસાયિક રોગ અને ઈજાના કિસ્સામાં રૂા.૩ લાખ સુધીની સહાય
- શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રૂા.૧૦માં પૌષ્ટિક ભોજન
- શિક્ષણ સહાય યોજના અંતર્ગત બે સંતાનોમાં દરેક સંતાનને રૂા.૫૦૦ થી ૪૦,૦૦૦/- સુધીની સહાય
- શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના હેઠળ રૂા.૧,૬૦,૦૦૦/ અને હાઉસિંગ સબસિડી યોજના હેઠળ રૂા.૧ લાખની સહાય
- આકસ્મિક મૃત્યુ સહાય અંતર્ગત રૂા.૩ લાખ અને અંત્યેષ્ટિ યોજના અંતર્ગત રૂા.૭,૦૦૦/-ની સહાય
- મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ દીકરીના નામે રૂા.૧૦,૦૦૦/- ના (FD) બોન્ડ
- સ્થળાંતર કરતા બાંધકામ શ્રમિકનાં બાળકો માટે શ્રમિકના વતનમાં જ હોસ્ટેલની સુવિધા

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય